# નારીચેતનાની સંકલ્પના

ડો.કલ્પના મચ્છર

સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૦ ડિસેમ્બર ૧૯૪૮માં માનવહક્કની પહેલી કલમમાં દરેક માનવીને સમાનતા અને સ્વતંત્રતાનો અધિકાર આપ્યો છે. ભારતના બંધારણે મૂળભૂત હક્કોની કલમ નં ૧૪ થી ૧૮માં સમાનતાના હક્કનો સમાવેશ કર્યો છે. પરંતુ જ્યારે સ્ત્રીઓના દરજ્જા અંગે સંશોધનો થયા ત્યારે સ્પષ્ટ થયું કે "જગતનો એક પણ દેશ એવો નથી કે જ્યાં સ્ત્રીઓને સમાન દરજ્જો હોય."United Nations Development Report માં જણાવવામાં આવ્યું છે કે પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓનું જીવનધોરણ ઘણું નીચું છે. ઇ.સ.૧૯૭૫માં મેક્સિકોમાં સૌ પ્રથમ વાર મહિલા પરિષદ ભરાઇ હતી. એ જ વર્ષે 'આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ' તરીકે જાહેર થયુ હતું. ભારતમાં પણ Status of Woman અંગે સંશોધન થયા અને UGC દ્વારા સ્ત્રીલક્ષી સંશોધનોને પદ્ધતિસર બનાવા માટે 'The National Policy on Education'માં એજ્યુકેશન ફોર ઇક્વોલિટીના સંદર્ભે Gender Study માટે સંશોધન કેન્દ્રો સ્થપાયેલા છે. સમાજમાં અડધી વસ્તી સ્ત્રીઓની હોવા છતાં ઇતિહાસનાં પાનાં પર સ્ત્રી અજાણ્યું પાત્ર રહી છે. સમાજનું અવિભાજ્ય અંગ હોવા છતાં નિર્ણાયક ઘટક Crucial component હોવા છતાં દેશકાળની નોંધોમાં તેની, જોઇએ તેટલી નોંધ લેવાઇ નથી.

ધર્મ, સંસ્કૃતિ અને સમાજ– એ ત્રણે ય પરિબળો નારીના અસ્તિત્વ અંગે હંમેશા અસંગત માન્યતાઓ ધરાવે છે. સ્ત્રીનું અસ્તિત્વ પુરુષ જેટલું જ પ્રાચીન હોવા છતાં નજીકના ભૂતકાળ સુધી એના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર નહોતો થતો એ વાતથી આપણે અજાણ નથી. પુત્રને જન્મ આપી પતિસેવા અને કુટુંબસેવામાં જ એનો ધર્મ સમાઇ જતો. એ વ્યક્તિ નહિ, વસ્તુ છે એવું ધર્મગ્રંથોમાં પ્રબોધેલ છે. સદીઓની સામાજિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક ગુલામીએ સ્ત્રીની માનસિક સ્થિતિ જ એવી ઘડી કે એ પોતાને પુરુષથી હીણી માનતી થઇ ગઇ. Male supremacy is more firmly rooted in female psyche than in male thinking. સ્ત્રી દુર્બળ જન્મી નહોતી. પરંતુ પુરુષપ્રધાન સમાજે એના માટે ઘડેલા આદર્શો, રુઢિઓએ એને નબળી બનાવી દીધી. એની આસપાસ આદર્શોની એવી જાળ વણવામાં આવી અને એવું સાંસ્કૃતિક માળખું ઊભું કરવામાં આવ્યું કે નારી રાજીખુશીથી તેમાં ફસાઇ ગઇ. Nature did not intend woman to be inferior to man but culture has quite often done so. Women all over the world are what men make them.[1]

ઇતિહાસ અને દંતકથા પણ પુરુષપ્રધાન જ રહયાં છે.પ્રાચીન ગુફાઓમાં જે સૌથી જૂના ચિત્રો મળે છે, તેમાં પુરુષ શિકાર કરતો, ખેતી કરતો, પ્રાણીઓ પકડતો જોવા મળે છે.અને નારી ગર્ભ ધારણ કરતી, બાળક ઊછેરતી, શિકાર પકવતી જોવા મળે છે. પ્રારંભમાં સમાન ભૂમિકાએ જીવાતા સ્ત્રી–પુરુષના જીવનમાં જેમ જેમ સ્થિરતા આવતી ગઇ તેમ તેમ બાળઉછેર કરતી અને ઘરમાં રહેતી સ્ત્રી કરતાં પોતે શ્રેષ્ઠ હોવાનું પુરુષે માનવા માંડયું. આદમ અને ઇવની વાર્તામાં સ્ત્રી કેટલી નિર્બળ દેખાય છે. અહલ્યાની કથા પણ સ્ત્રીની અસહાયતા તરફ જ નિર્દેશ કરે છે અહલ્યાથી બનેલી શલ્યામાં સ્વયંસ્ફુરિત ચેતના ન આવી શકે ? શા માટે સ્ત્રીએ કોઇ પર આધાર રાખવો પડે ? મૂલ્યમાપન માટે શા માટે પોતીકો, આગવો માપદંડ ન અપનાવી શકાય ? ક્યાંક સભાના શાણપણને પડકારતી દ્રૌપદી કે પરમજ્ઞાનને ઈચ્છતી મૈત્રેયી દેખાય છે. પણ આવી તેજ રેખાઓ ઓછી છે. પ્રશ્નો ઉઠાવતી, પડકારતી અને વાતાવરણને સમજવા મથતી સ્ત્રીઓને શંકાની દ્રષ્ટિએ જોવામાં આવે છે.

પ્રાચીન ભારતમાં સ્ત્રીની એક ગરિમા હતી.પ્રારંભિક વેદકાળમાં નારી સન્માનનીય હતી. વેદોની ઋચાઓની ઋષિકાઓ તરીકેના ઉલ્લેખો પ્રાપ્ત થયા છે. ઋગ્વેદના દસમાંથી છ મંડળમાં સ્ત્રીઓનું ઋષિત્વ જોવા મળે છે. રોમશા અને લોપામુદ્રા, અદિતિ, વિશ્વવારા આત્રેયી, શશ્વતી અને અપાલા, ઇન્દ્રસ્નુષા વસુક્રપત્ની, સૂર્યાસાવિત્રી, ઇન્દ્રાણી, ઉર્વશી, દક્ષિણા પ્રાજાપત્યા, શચી પૌલોમી, સાર્પરાજ્ઞી, યમી વૈવસ્વતી, ઘોષા અને શ્રદ્ધા કામાયની, યમી, ઇન્દ્રસ્નુષા, ઘોષા જેવી અનેક વિદૂષીઓના નામ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત છે. જે ભારતમાં 'નારી તુ નારાયણી'ની સંસ્કૃતિ હતી. એ જ ભારતમાં 'નારી તું નરકની ખાણ' કે 'નારી માયાના બંધનમાં બાંધનારી' કે પછી 'ઢોલગંવારશુદ્રઅરુ નારી,સકલ તાડન કે અધિકારી' જેવી માન્યતાઓ પ્રચલિત હતી. કયાંય સ્ત્રીના પોતાના આગવા અસ્તિત્વનો સ્વીકાર નથી. તેને Human તરીકે નહી પણ Woman તરીકે જ સ્વીકારવામાં આવે છે.

સમગ્ર વિશ્વની વિવિધ સંસ્કૃતિઓ,વિવિધ ધર્મો, દરેક દેશના ઇતિહાસમાં એક વાત સમાન છે –'સ્ત્રીઓની અસમાનતા.' આદમની પાંસળીમાંથી ઉત્પન્ન થયેલી મનાતી સ્ત્રીને ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદ પછી પણ બીજા નંબરે અને પુરુષથી ઊતરતી માનવામાં આવે એનાથી મોટી કરુણતા કઇ હોઇ શકે ? સ્ત્રીઓએ પુરુષકેન્દ્રી સંસ્કૃતિ સામે જે વિરોધ નોંધાવ્યો,એમાંથી સમગ્ર વિશ્વમાં નારીચેતનાના ઉદગમસ્રોત એવા નારીવાદનો જન્મ થયો. ગેલ ઓમવેર નારીવાદની વ્યાખ્યા આપતા કહે છે કે " સ્ત્રીસમાનતા અને વિમુકિતના ઉદેશો હાંસલ કરવાનો સંગઠિત પ્રયાસ એટલે નારી આંદોલન" પાશ્ચાત્ય દેશોમાં છેક ૧૫૯૪થી શરૂ થયેલી Marie de Gournayની સ્ત્રીહક્કની લડાઇને ૧૯૨૦થી જુદા જુદા તબક્કામાં વહેંચી આધારભૂત બનાવવામાં આવી છે. પાશ્ચાત્ય નારીવાદને ત્રણ તબક્કામાં વહેંચવામાં આવ્યો છે.

૧.અનુકરણ–Imitative કે feminine (1920 થી 1949)

૨.વિદ્રોહ– Reative ક Feminist (1960 થી 1975)